જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૪/૨૦૧૭ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૩૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૯૩ લીટર દેશી દારૂ, ૭૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૭ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૬૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૪૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૭૪૧/૧૭

**નિકોલઃ વિમલભાઇ હસમુખભાઇ મોદી (રહે.કેશવપાર્ક સોસાયટી વિભાગ-૨ હરીદર્શન સોસાયટી નવા નરોડા)** એ તા.૭/૪/૧૭ કલાક ૧૦/૦૦ વાગે **સરદાર મોલની બાજુમા આવેલ સરદાર હોસ્પીટલની સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી** રોકડ રૂપિયા ૪,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ અંગેની ફરીયાદ **વિમલભાઇ મોદીએ નિકોલ** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો શ્રી દેવજીભાઇ રાયમલભાઇ ચલાવે છે.

## સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૭૪૨/૧૭

**બાપુનગરઃ** હિરલબહેન વા/ઓ નિરવભાઇ ગોહેલ (ઉ.વ.૩૩) (રહે. કર્ણાવતી એપાર્ટમેન્ટ હંસ કોલોની સામે બાપુનગર) તા.૭/૪/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર પટેલવાડી સુરાજ ચવાણાની દુકાન સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હિરલબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૨,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા.આ અંગેની ફરીયાદ હિરલબહેન ગોહેલે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**મણીનગરઃ** સ્મિતાબહેન વા/ઓ કૌશિકભાઈ સાતા (ઉ.વ.૫૮) (રહે. ચિત્રકુટ ધામ સોસાયટી, કુમકુમ હાઈસ્કુલની સામે, ઈસનપુર) તા.૮/૪/૧૭ કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે મણીનગર હિરાભાઈ ટાવર રોડ કુમ-કુમ સોસાયટી આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સ્મિતાબહેનના ગળામાંથી (અડધી) સોનાની ચેઈન કિમત રૂપિયા ૧૯,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. (અડધી ચેઈન સ્મિતાબહેનના હાથમાં રહી ગઈ હતી.) આ અંગેની ફરીયાદ સ્મિતાબહેન સાતાએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૪૩/૧૭</u>**

આનંદનગરઃ ઋષભ ધીરજભાઇ પટેલ (ઉ.વ.૧૯) (રહે. સર્જન-૨ બંગલો, ન્યુ સી.જી.રોડ, સુહાસ બંગલો સામે ચાંદખેડા) તા.૮/૪/૧૭ કલાક ૧૧/૪૫ વાગે એસ.જી.હાઇવે પ્રહલાદનગર ત્રણ રસ્તા, પંચવટી ઓટો સામેથી એકટીવા ચલાવી પસાર થઈ રહ્યો હતો ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એકટીવાને ટક્કર મારતા ઋષભને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ઋષભનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ઋષભના પિતા ધીરજભાઈ પટેલે આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વિ.એન.ચૌધરી ચલાવે છે.

**<u>ચોથા માળેથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૪૪/૧૭</u>**

શહેરકોટડાઃ પિયુષ રાજુભાઇ પરમાર (ઉ.વ.૨૨) (રહે.ઇન્ડીયાબુલ્સ ફ્લેટ જાલમપુરીની ચાલી પાસે સરસપુર) તા.૮/૪/૧૭ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ચોથા માળેથી મકાનની બારીમાંથી બીજા રૂમની બારીમાં જતા પગ લપસી જતા નીચે પટકાઈ જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વાલસિંગભાઇ મલાભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૪૫/૧૭</u>**

દાણીલીમડાઃ સાઇસ્તા વા/ઓફ નૌસાદમોહમદ રાઇન (ઉ.વ.૨૧) (રહે.સંતોષનગર ચાર માળીયા દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૭/૪/૧૭ રાતના ૮/૩૦ થી ૯/૦૦ વાગ્યાના દરમ્યાન પોતાના ઘરે છતના હુકમાં દુપટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એલ.પટણી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)